# પ્રાંતિજ તાલુકાની સીતવાડા ગ્રામ પંચાયતનું મકાન જર્જરીત હાલતમાં

## ચોમાસાના આગમન પહેલા જ ભયજનક બનેલા આ મકાનમાંથી વારેઘડીએ પોપડા પડે છે : નવા મકાન માટે રૂપિયા ૧૮ લાખ મંજુર થયા હોવા છતાં ગ્રામજનોમાં ખેંચતાણને કારણે જગ્યા મળતી નથી

પ્રાંતિજ,તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામે ગ્રામ પંચાયતનું મકાન જર્જરીત હાલતમાં હોવાથી ગમે ત્યારે ગંભીર અકસ્માત થાય તેવી ભીતિ જણાઈ રહી છે. વર્ષો પહેલા નિર્માણ પામેલા આ મકાનના બન્ને રૂમની છત પરથી અવારનવાર પોપડા ઉખડીને પડી રહ્યા છે. અને આ ચોમાસામાં જો ભારે વરસાદ થયો તો આ મકાન પંચાયતના સભ્યો માટે જોખમ રૂપ બની શકે છે.

તાજપુર કુઈ પાસે આવેલ સીતવાડા ગામ આશરે ૫૦૦૦ લોકોની વસ્તી ધરાવે છે અને સીતવાડાના આજુબાજુના પેટાપરા જેવા કે બોરીયા, નવાપુરા, બાલુપુરા વગેરે ગામો વચ્ચે એક જ ગ્રામ પંચાયત છે. આ પંચાયતનું મકાન વર્ષો જુનુ હોવાથી જર્જરીત હાલતમાં આવી ગયું છે. અને અવારનવાર તેની છતમાંથી પોપડા નીચે પડી રહ્યા છે. આ મકાનની ફરતે દિવાલો પર પણ અસંખ્ય તિરાડો પડેલી છે જેથી આ ચોમાસામાં આ મકાન પંચાયતના સભ્યો માટે ખૂબ જોખમકારક બની ગયું છે.

સીતવાડા ગામના સરપંચ મિલ્કતસિંહ રાઠોડના જણાવ્યા પ્રમાણે તેમણે જિલ્લા વહીવટીતંત્ર અને તાલુકા વહીવટીતંત્રમાં પણ અનેક વખતે આ બાબતે લેખિત અને મૌખિક રજુઆતો કરી છે અને નવું મકાન બાંધવા માટે રૂપિયા ૧૮ લાખ જેટલી રકમ પણ મંજુર કરવામાં આવી છે. છતાં જગ્યાના અભાવે તેમજ ગામમાં ખેંચતાણના કારણે યોગ્ય જગ્યા ન મળવાથી મકાન બાંધવાનું પડતું મુક્યુ છે. જો કે સરપંચ અને સભ્યોનું માનવું છે કે ટુંક સમયમાં આ ખેંચતાણનો ઉકેલ આવી જશે. હાલ તો આ ચોમાસાના દિવસોમાં ગ્રામ પંચાયતનું આ જર્જરીત મકાન કોઈનો ભોગ ના લે તે માટે પ્રાર્થના જ કરવી રહી.

# ડીસામાં રથયાત્રામાં 'જય રણછોડ માખણ ચોર'નો ઉઠ્યો જયઘોષ

## છેલ્લા ૧૬ વર્ષોથી પરમ્પરાગત રીતે રથયાત્રામાં વિવિધ હિન્દુ સંગઠનો જોડાતા અનેરો ભક્તિમય માહોલ





ડીસા, તા. ૨૯

ડીસામાં આજરોજ નીકળેલી ભગવાન જગન્નાથજી ની રથયાત્રા માં હજારો ની સંખ્યા માં ભાવિકો ભક્તિ રંગે રંગાયા હતા ,આજે ડીસા ના રામજીમંદિર થી નીકળેલી ભગવાન જગન્નાથ ની રથ યાત્રા માં બનાસકાંઠા જીલ્લા કલેકટર મહેન્દ્રભાઈ પટેલ, ડીસા નાયબ કલેકટર દિગંત બ્રમભટ્ટ, મામલતદાર શિવરાજ ગીલ્વા, ભાજપ જીલ્લા -મુખ કેશાજી ઠાકોર, કોન્ગ્રેસના ગોવાભાઈ રબારી, માર્કેટ યાર્ડ ચેરમેન માવજીભાઈ દેસાઈ, જીલ્લા પંચાયત -મુખ રાજુભાઈ જોશી , પાલિકા -મુખ ડો, તેજલબેન પટેલ, શશીકાંત પંડ્યા સહીત અનેક આગેવાનો પણ આ ધાર્મિક કાર્યક્રમ માં જોડાયા હતા અને ભગવાન જગન્નાથજી ની આરતી તેમજ સ્તુતિ કરી હતી,

ડીસા શહેરમાં કાર્યરત સુભાષચંદ્ર બોઝ સેવા સમિતિ દ્વારા નીકળવામાં આવતી અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની યાત્રા આજરોજ ભારે હર્ષ અને ઉલ્લાસ સાથે શહેર નાં રાજમાર્ગો ઉપર નીકાળવામાં આવી હતી, આ તથા ધર્મ-મી -જામાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, ડીસામાં નીકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રામાં ૧૦ ઘોડા,૧૦ ટ ગાડી,તેમજ બાળલગ્ન રોકવા તેમજ વ્યસન મુક્તિ અભિયાન,ટ્રાફિક નિયમન,સુરક્ષા સેતુ, વિગેરે ની ઝાંખીયો વ્રુક્ષા રોપણ માટે નિશુલ્ક વ્રુક્ષ વહેચણી સહીત નાં કાર્યક્રમો રથયાત્રા નાં આકર્ષણ નુ કેન્દ્ર બન્યા હતા, આ રથયાત્રામાં ૨૦ મણ ઉપરાંત -સાદ ભક્તો માં વહેચાયો હતો, રથયાત્રામાં બેન્ડવાજા, ડી.જે.સાઉન્ડ, ભજન મંડળીઓ તથા અખાડાઓ અને નાના બાળકો દ્વારા વિવિધ વેશભૂષાઓ રથયાત્રામાં બન્યો હતો, ત્યારે ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રા સાંઈબાબા મંદિરમાં મોસાળમાં હતા જેમને ભારે ઉત્સાહ સાથે નીજ મંદિર લઈ જવાયા હતા.જીલ્લા કલેકટર મહેન્દ્રભાઈ પટેલે આરતી ઉતારી હતી, અને નગરજનો ને આ ધાર્મિક દિવસ ની શુભેછા પાઠવી હતી,

જે બાદ ડીસા ના રામજીમંદિર થી નીકળેલી ભગવાન જગન્નાથ ની રથ યાત્રા રીસલાબજાર, અંબિકા ચોક ,સરદાર બાગ,ફુવારા સર્કલ અને તેબાદ દેનાબેંક, સોનીબજાર ,થઈ નિજ મંદિર પહોચી હતી,જયારે પોલીસે પણ કાયદો અને વ્યવસ્થા માટે ચુસ્ત પોલીસ બન્દોબસ્ત ગોઠવ્યો હતો.

# હિંમતનગરના કાંકરોલ ગામ નજીકથી બેટરી ચોરી કરી લઈ જતા ૨ પકડાયા

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લા મુખ્ય મથક હિંમતનગરના કાંકરોલ ગામ પાસેથી શનિવારે સાંજના સુમારે એક રિક્ષામાંથી ચોરી કરી લઈ જઈ રહેલ બે જણાને હિંમતનગર એ ડીવીઝન પોલીસે પકડી પાડી ગાંભોઈ પોલીસને સોંપ્યા હતા અને આ અંગે બે વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પોલીસે હાથ ધરી હતી.

વિગત એવી છે કે શનિવારે સાંજના સુમારે ગાંભોઈ નજીકથી હિંમતનગરના હાજીપુરમાં રહેતા મોહસીન મસ્તાન ફકીર અને લાલપુર ગામનો મહમદ રફીક યુસુફભાઈ મેમણ બંને જણા રિક્ષા નંબર જીજે૯-એવી-૦૪૨૭ માંથી એક ટેમ્પાની બેટરી અને અન્ય એક વાહનની એમ બે બેટરી કિંમત રૂ. ૧૧ હજારની ચોરી કરી લઈ ગાંભોઈથી હિંમતનગર તરફ આવતા હતા ત્યારે કાંકરોલ પાસેથી હિંમતનગર એ ડીવીઝન પોલીસે રિક્ષા સાથે બંનેને ચોરીની બેટરી સાથે પકડી પાડ્યા હતા અને ત્યાર બાદ ગાંભોઈ પોલીસને સોંપ્યા હતા. જેથી પોલીસે મુદ્દામાલ કબજે લઈ બંને વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મામાં ભગવાનના દર્શને માનવ મહેરામણ ઉમટ્યુ

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મામાં રવિવારના રોજ ભગવાન જગન્નાથની ૨૭મી રથયાત્રા દબદબાભેર શહેરમાં નીકળી હતી. જેમાં હજારો શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉમટી પડ્યા હતા.





(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ દ્વારા રથયાત્રા કાઢવામાં આવે છે. રથયાત્રા નિકળતા પહેલા સવારે મંદિરમાં ભગવાનની પૂજા કરી મંદિર પર ધજા ચડાવવામાં આવી હતી ત્યાર બાદ ભગવાન રથમાં બેસી નગર પરિક્રમાએ નિકળ્યા હતા. રથયાત્રાના માર્ગ પર વિવિધ સેવા સ્ટોલ દ્વારા ભક્તોને આઈસ્ક્રીમ, ડ્રાયફ્રુટ શિરો, ઠંડા પાણી, સહીત અનેક વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. રથયાત્રામાં વનવાસીઓના શણગારેલા ઢોલ, ઘોડા, ટ્રેક્ટરોએ આકર્ષણ જમાવ્યુ હતુ. રથયાત્રામાં જોડાનાર ભક્તોને ફણગાવેલા મગ અને જાંબુનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. રથયાત્રા મંદિરથી નિકળી જૈન દેરાસર, પટેલ ફળી, બ્રહ્માજી ચોક, બસ સ્ટેશન, હનુમાનજી મંદિર થઈ શ્રીયાદે ચોક, પેટ્રોલપંપ થઈ મોસાળમાં હસમુખભાઈ તુલસીદાસ મોદીના ઘરે પહોંચી હતી. જ્યાં ભગવાનની પૂજા આરતી કરી મામેરુ ભરવામાં આવ્યુંહતુ. મામેરામાં ભક્તોએ ભારે ઉત્સાહ સાથે દાન કર્યું હતું. સાંજના સમયે રથયાત્રા મોસાળમાંથી નીકળી લક્ષ્મીપુરા ચાર રસ્તા થઈ સુથાર ફળી થઈ નિજ મંદિર પરત ફરી હતી. રથયાત્રામાં અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# પ્રાંતિજના સલાલમાં ધમધમતુ જુગાર ધામ : પોલીસના આંખે હપ્તાના પાટા

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ તાલુકાના સલાલ સોનાસણ ચોકડી પાસે આવેલ અદ્યતન રાજસીટી કોમ્પલેક્ષમાં પોલીસ રહેમ નજર હેઠળ છેલ્લા ઘણા સમયથી જુગારધામ ધમધમી રહ્યું છે. રોજ લાખ્ખો રૂપિયાનો હાર-જીત જુગાર ખેલાય છે. જેથી યુવાધન બરબાદીના પંથે જઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નજીક સલાલ હાઈ-વે પર સોનાસણ ચોકડી ઉપર રાજસીટી શોપીંગ કોમ્પલેક્ષ આવેલું છે. જ્યાં અનેક વેપારીઓ પોતાનો ધંધો રોજગાર દુકાનમાં કરી રહ્યા છે. જ્યાં આજ કોમ્પલેક્ષના ટોપ ફ્લોર પર હોલમાં છેલ્લા ઘણા સમયથી બિન્દાસપણે જુગારધામ ધમધમી રહ્યું છે અને સંચાલકો દ્વારા છેક ગાંધીનગર સુધી હપ્તા પહોંચાડતા હોવાની બુમરાડ થવા લાગી છે. આ મામલે આજુબાજુના દુકાનોના માલિકો આ બદી દૂર કરવા માટે અનેકવાર લેખિત રજુઆતો કરી છે. તેમ છતાં પણ હપ્તાની લ્હાયમાં ચકચુર પોલીસ તંત્ર બદી દૂર કરવા નિષ્ફળ નિવડ્યા છે. દરરોજ અમદાવાદ, સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી, પાટણ, ખેડા, વગેરે જિલ્લામાંથી જુગારના શોખીનો જુગાર રમવા ઉમટી પડે છે. જ્યાં જુગારીયાઓને સંચાલકો દ્વારા તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે. પરિણામે અહી રોજ લાખો રૂપિયાના હાર-જીતનો ખેલ ખેલાય છે. ધમધમતા જુગારધામ ભાજપના પણ કેટલાક કાર્યકરો અને હોદ્દેદારોની છુપી સંડોવણી હોવાની ચર્ચા પણ થવા માંડી છે.

પ્રાંતિજ પોલીસથી લઈ હિંમતનગર વાયા ગાંધીનગર સુધી હપ્તાનું સેટીંગ હોવાના કારણે સ્થાનિક પોલીસના આંખે પાટા બંધાઈ ગયા છે. જેની સામે દુકાનદારો અને સ્થાનિક રહિશોમાં આ સંદર્ભે રોષ જોવા મળ્યો છે. અને સત્વરે પોલીસ આવા જુગાર તત્વો સામે કડક કાર્યવાહી કરે અને જુગારની બદી દૂર કરે તેવી માંગ ઉઠવા પામી છે.

# પ્રાંતિજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વાર્ષિક બેઠક યોજાઈ

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૩૪મી વાર્ષિક સાધારણ બેઠક પટેલ સમાજની વાડી ખાતે યોજાઈ હતી.

બસો પાંચ સભાસદો ધરાવતી પ્રાંતિજ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વાર્ષિક સાધારણ બેઠક તાજેતરમાં પ્રાંતિજ સ્થિત પટેલ સમાજની વાડીમાં મળી હતી. બેઠકના પ્રારંભે વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. બાદમાં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચીનુભાઈ પટેલ, હિતેષભાઈ પટેલ, નવિનભાઈ પટેલ, સોહનભાઈ પટેલ, નટુભાઈ પટેલ, નટવરજી મકવાણા, વિરાજી રબારી વગેરેની કમિટિમાં નિમણુંક કરવામાં આવી હતી. બેઠકમાં નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, મનુભાઈ પટેલ, આશીષભાઈ પટેલ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગરની ઈડર ગઢ પર આવેલી વાયરલેસ સ્ટેશનનો ટેલીફોન છ મહિનાથી મૂંગો

હિંમતનગર, તા. ૨૯

સાબરકાંઠા જલ્લાના ઈડર નગરમાં આવેલ જિલ્લાનું એક માત્ર પોલીસ વિભાગનું રીપીટર વાયરલેસ સ્ટેશન આવેલ છે જે ૩૮ વર્ષથી કાર્યરત છે જયાં ફરજ બજાવનારા પોલીસ કર્મીને પીવાના પાણીની તકલીફ પડે છે. ઉપરાંત પોતાના કાર્યમાં વપરાતા સાધન પણ નકામાં બની ગયા છે ઉપરાંત આ સ્ટેશનમાં વાયરલેસ ઉપરાંત એક ટેલીફોન છે જયાંથી સમગ્ર જિલ્લામાં અને રાજયમાં માહિતની આપ લે માટે ઉપયોગ થાય છે પરંતુ તે ટેલીફોન છેલ્લા ૬ મહિનાથી મૂંગો બન્યો છે જે અંગે ઈડર પોલીસ સ્ટેશન મારફતે વારંવાર ટેલીફોન વિભાગમાં લેખિત આપેલ છે પણ તંત્રને કોઈ પરવાહ નથી જયારે કોઈ બનાવ બને ત્યારે ભોગવવાનું આવે તેમ છે જિલ્લા અને રાજયનું મહત્વનું ગણાતું આ વાયરલેસ સ્ટેશનમાં ટેલીફોન ચાલુ કરાવવા માટે જિલ્લા પોલીસ વડા પણ રસ નથી લેતા તેવું લાગી રહ્યું છે. આ અંગેની વાયરલેસ વિભાગના સૂત્રો દ્વારા મળેલ માહિતી મુજબ જાણવા મળ્યું છે કે આ ટેલીફોન ચાલુ થાય તે માટે ત્વરિત કાર્યવાહી લેવાય તેવી માંગ વાયરલેસ વિભાગ દ્વારા થઈ રહી છે હવે જોવું રહ્યું કે આ ટેલીફોન ચાલુ થાય છે કે પછી સદાય માટે મૂંગો રહે છે.

# તલોદ મુકામે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો




પ્રાંતિજ, તા. ૨૯

ભારતીય માનક બ્યુરો - અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિત સુરક્ષા મંડળ - પ્રાંતિજના ઉપક્રમે નાનાપરા પ્રાથમિક શાળા-મુધાસણા, તા. તલોદ ખાતે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ભારતીય માનક બ્યુરો, અમદાવાદના ડેપ્યુટી ડાયરેક્ટર, સુમિત સેંગર અને આસિસ્ટંટ ડાયરેક્ટર, એલ.એસ. ચૌહાણ હાજર રહીને આઈ.એસ. આઈ.માર્કો શું છે તથા તે માર્કાવાળી જ વસ્તુઓ શા માટે ખરીદવી તેના વિશે વિસ્તૃતમાં માહિતીઓ સમજાવી હતી તથા જણાવ્યું હતું કે આઈ.એસ.આઈ. માર્કો અને હોલમાર્ક એ ગુણવત્તાના પ્રતિકો છે. સોનાના ઘરેણા હોલમાર્કીંગવાળા જ ખરીદવા જોઈએ કારણ કે હોલમાર્ક એ સોનાની સાચી પરખ કરે છે.

આ કાર્યક્રમમાં મુધાસણા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ, સોમસિંહ રાઠોડ, માજી સરપંચ, વેચાતસંગ રાઠોડ, વિનય મંદિરના મંત્રી, ગાભુસિંહ રાઠોડ, સમૂહલગ્ન સમિતિના મહામંત્રી, લાલસિંહ રાઠોડ, માજી ડે. સરપંચ ગાભુસિંહ રાઠોડ, પંચાયતના સભ્યો, મનુસિંહ રાઠોડ, રમેશસિંહ રાઠોડ તથા આગેવાનો જસુસિંહ રાઠોડ, ઈશ્વરસિંહ રાઠોડ, રમેશસિંહ રાઠોડ, સોનસિંહ રાઠોડ, સનાજી રાઠોડ વગેરે આગેવાનો અને પ્રાથમિક શાળાના આચાર્ય, કિર્તિભાઈ નાયક તેમજ સ્ટાફ અને આંગણવાડી કાર્યકરો વગેરે તેમજ મોટી સંખ્યામાં ગામની મહિલાઓ હાજર રહેલ હતી.

આ પ્રસંગે ગ્રાહક હિત સુરક્ષા મંડળની કામગીરી વિશે અને ગ્રાહક સુરક્ષા કાયદાની વિસ્તૃત માહિતી પ્રમુખ, નટુભાઈ બારોટે સમજાવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન મુકેશભાઈ ભટ્ટ દ્વારા થયેલ હતું.

# મણીયોર ગામ પાસે સર્જાયેલ અકસ્માતમાં ઈજાગ્રસ્તનું મોત

હિંમતનગર, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મણીયોર ગામ પાસે ૧૨ દિવસ પહેલા એક બાઈક ચાલકની બેદરકારીથી વીજ થાંભલા સાથે ટકરાઈ હતી. જેમાં ચાલક અને સવાર બંનેને ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમાં ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું આ અંગે ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ઈડરના ઓડા ગામના પ્રતાપસિંહ નાથુસિંહ મકવાણા પોતાની બાઈક લઈ ૧૭મી જુનના રોજ બપોરના સુમારે મણીયોર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક બાઈક રોંગ સાઈડે જતી રહેતા વીજ થાંભલા સાથે ટકરાતા પ્રતાપસિંહને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેનું ૧૭ દિવસ બાદ શનિવારે સારવાર દરમિયાન મોત નિપજયું હતું. આ અંગે શનિવારે સાંજે ઈડર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

# તલોદમાં લાયન્સ ક્લબના હોદ્દેદારોનો ૩૪મો પદગ્રહણ સમારંભ યોજાયો

તલોદ, તા. ૨૯

તલોદના દિગંમ્બર જૈનવાડીમાં તા. ૨૯-૬-૧૪ ના રોજ ૩૪ મા લાયન્સ ક્લબનાં હોદ્દેદારોનો પદગ્રહણ સમારંભ યોજાયો હતો. લાયન ડિસ્ટ્રીક ગર્વનર સુરેશભાઈ કે. શાહના અધ્યક્ષસ્થાને પદગ્રહણ સમારંભ યોજવામાં આવ્યો હતો. લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે વસંતભાઈ એસ. સોની, સેક્રેટરી લક્ષ્મણભાઈ કે. પટેલ તેમજ ખજાનચી સતીષ કે. જોષીનો વિધિવત સમારંભમાં પદગ્રહણ કરી લાયન્સ ક્લબની કામગીરી અને હેતુ વિશે વિશેષ જાણકારી આપવામાં આવી હતી. વરાયેલા હોદ્દેદારોને એક વર્ષ માટે બિજાના માટે લોકપયોગી કાર્યો કરવાં અનુરોધ સાથે સીખ અપાઈ હતી.

લાયન્સ ક્લબનાં સમારંભમાં શેઠશ્રી તારાચંદ મફતલાલ ગાંધી લાયન્સ આઈ કલેક્ટર સેન્ટર દ્વારા ૫૦ જોડ ચક્ષુ એકત્ર કરવા બદલ સન્માનીત કરાયા હતા તેમજ ધો. ૧૦ અને ૧૨ માં પ્રથમ આવનારા તેજસ્વી તારલાનું ચાંદીના મેડલ દ્વારા સન્માનીત કરી મેડલ સૈજન્ય શ્રીમતિ પાર્વતિબેન એસ. પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અપંગતા ધરાવતાં અપંગોને ટ્રાઈસીકલ્સ અર્પણવિધિ પ્રેમીલાબહેન વિનોદચંદ્ર શાહ, જે.બી. પટેલ તેમજ નરેશભાઈ શાહ અને મનોજભાઈ પંડ્યાએ એનાયત કર્યુ હતુ. પદગ્રહણ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત દશરથ પટેલ રીજીયન ચેરમેન તથા સીરીષ મોદી ઝોન ચેરમેને હાજરી આપી હતી. આર્શીવચનો શેઠ મહેશભાઈ ઉપાધ્યાય અને ચાર્ટડ સભ્ય દેવેન્દ્રભાઈ પટેલે આપ્યા હતા.

લાયન્સ હોદ્દેદારોના પદગ્રહણ સમારંભ મહેમાનોનું ફુલહારથી સ્વાગત કરી અગ્રણીઓ અને નગરજનોની મોટી હાજરીમાં પદગ્રહણને ફિલ્મીગીતોથી કાર્યભાર સોપી મોટી સમજ પુરી પાડવામાં આવી હતી તેમજ તલોદમાં વારંવાર લોક હિતકાર્યને પ્રાધાન્ય આપતાં કામગીરી સુરેશભાઈ ગર્વનરે બિરદાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

રક્તદાન મહાદાન

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧